BY-EMAIL

ક્રમાંક/ઘ/માધ્ય/પરચ/૨૦૧૯/ 32084-91

કમિશનરશ્રી, શાળાઓની કચેરી,

૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ. રા.ગાંધીનગર,

તા.૧૩/૧૧/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

**વિષય :** દિવાળી વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓને ગૃહકાર્યમાં આપેલ "નવા ભારતની મારી કલ્પના" વિષય આધારિત નિબંધ લેખન કાર્ય પૈકી શ્રેષ્ઠ નિબંધની પસંદગી કરવા બાબત

**સંદર્ભ :** અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/પરચ/૨૦૧૯/30032-૯૫,તા.૧૯/૧૦/૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,વિદ્યાર્થીઓમાં સંસ્કાર સિંચન,ભારતીય સંસ્કૃતિના જતન તેમજ તેમની કલ્પનાના ભારતમાં નવીન વિચારો જાણવા મળી શકે તે માટે આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દિવાળી વેકેશન દરમિયાન "નવા ભારતની મારી કલ્પના" વિષય પર ગૃહકાર્યમાં નિબંધ લખવા અંગે તમામ શાળાઓના આચાર્યશ્રીઓને આપશ્રીની કક્ષાએથી પરિપત્ર કરવા જણાવેલ હતુ.

તા.૧૪/૧૧/૨૦૧૯ થી શરૂ થનાર નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ દ્વારા લખાયેલ નિબંધનું શાળા કક્ષાએ એકત્રીકરણ કરી શાળાના ભાષા શિક્ષક પાસેથી તેની ચકાસણી કરાવી શાળા કક્ષાએ પ્રથમ ત્રણ નિબંધ લખનાર વિદ્યાર્થીઓને શાળાના પ્રાર્થના સંમેલનમાં પ્રોત્સાહિત કરવા અંગેની સૂચના આપશ્રીની કક્ષાએથી તમામ શાળાઓને કરવા આથી જણાવવામાં આવે છે.

શાળા કક્ષાએ ઉપર મુજબની કામગીરી પૂર્ણ થઇ ગયા બાદ દરેક શાળામાં શાળા કક્ષાએ પ્રથમ આવેલ નિબંધ QDC કક્ષાએ એકત્રીત કરી QDC કક્ષાએ આવેલ આવા તમામ નિબંધોનું એક તજજ્ઞ કમિટી પાસે મૂલ્યાંકન કરાવી પ્રથમ ત્રણ (03) સર્વ શ્રેષ્ઠ નિબંધ કૃતિઓ અલગ તારવવાની રહેશે અને QDC કક્ષાએ પ્રથમ આવેલ તમામ કૃતિઓ જિલ્લા કક્ષાએ એકત્ર કરવાની રહેશે. મતલબ કે જો કોઈ જિલ્લામાં ૩૫ QDC હોય તો જિલ્લા કક્ષાએ ૩૫ શ્રેષ્ઠ નિબંધો એકત્ર થશે.

જિલ્લા કક્ષાએ નિબંધો એકત્ર કર્યા બાદ મળેલ કૃતિઓનું મૂલ્યાંકન કરવા અંગેની સૂચના હવે પછીથી આપવામાં આવશે.

હાલ શાળા કક્ષાએ તથા QDC કક્ષાએ કરવાની કામગીરી અંગે સબંધિતોને આપશ્રીની કક્ષાએથી જાણ કરવાની રહેશે.

સંયુક્ત શિક્ષણ નિયામક

માધ્યમિક

ગુ.રા.ગાંધીનગર

Scanned by CamScanner

ક્રમાંક/ ૪૬૨૦૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.
તારીખ : ૧૫/ ૧૨/ ૨૦૨૦

– નકલ રવાના જાણ
તથા અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

– પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, સરકારી મા. અને ઉ.મા.
શાળાઓ, તમામ.

Scanned by CamScanner